Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-2, September-2022

# ઉત્તર ગુજરાતનાં રબારી સમુદાયના લગ્નસંબંધી રીત-રિવાજોમાં આવેલા પરિવર્તનો

**રબારી સમીરકુમાર કરમસિંહ**

Ph. D Research Scholar, ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ Mo: - 9426361962

Email Id :- skdesai192@gmail.com

***સારાંશ :-***

*ભારતની સંસ્કૃતિ એ ભાતીગળ સંસ્કૃતિ છે. જમાં અલગ અલગ સમુદાયો અને જ્ઞાતિઓ વર્ષોથી વસવાટ કરે છે. આ બધા જ સમુદાયોમાં પોતાની આગવી સંસ્કૃતિ અને જીવન શૈલી ધરાવતો સમુદાય એટલે રબારી સમુદાય. ઉત્તર ગુજરાત તેના ભૌગોલિક વિસ્તાર અને વિશિષ્ટતાના કારણે જાણીતો છે. રબારી સમુદાય ઉત્તર ગુજરાતના મહેસાણા, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં વર્ષોથી વસવાટ કરે છે. રબારી સમુદાયમાં મુખ્ય સાત શાખો છે. આ સમુદાય બીજી 133 પેટાશાખાઓમાં વિભાજિત થયેલો છે. રબારી સમુદાયના લોકોના જન્મથી માંડી મરણ સુધીના સામાજિક રીત-રિવાજો અન્ય સમુદાયો કરતાં અલગ પડે છે. આ સમુદાય સમૂહભાવના અને સંગઠનથી કામ કરે છે. પરિવર્તન એ સંસારનો નિયમ છે, તે પ્રમાણે આ સમુદાયના સામાજિક રીત-રિવાજો અને પરંપરાઓમાં પરિવર્તન આવ્યું છે. પ્રસ્તુત શોધપત્રમાં રબારી સમુદાયના લગ્નસંબંધી રીત-રિવાજોમાં આવેલ પરિવર્તનની છણાવટ કરવામાં આવી છે.*

***ચાવીરૂપ શબ્દો :-*** *રબારી સમુદાય, પરિવર્તન, ઉત્તર ગુજરાતના જિલ્લાઓ, લગ્ન વ્યવસ્થા*

**પ્રસ્તાવના :-**

ભારતીય સંસ્કૃતિ એ પોતાના ભાતીગળ અને વૈચારિક વારસાને કારણે આજે પણ વિશ્વમાં અભ્યાસનીય અને જાણવા જોગ બની છે. ભારતીય સંસ્કૃતિ તેના સ્થાપત્ય, કલા, ભાષા, ભૌગોલિક વારસો, સમાજ, પહેરવેશ, આભૂષણ, રીત-રીવાજ, જ્ઞાતિ-જાતિ, પશુ, પ્રકૃતિ એમ અનેક વારસો ધરાવે છે. તે ભારતીય સંસ્કૃતિ તેના પેટા પ્રકારે અનેક નાની નાની વિવિધતા અને બહુ આયામી સંસ્કૃતિઓ ધરાવે છે. આ બધાના ઇતિહાસમાં ગૂર્જર પ્રદેશ અને આજનું ગુજરાત પણ પોતાની આગવી સાંસ્કૃતિક વિરાસત ધરાવે છે. આ સાંસ્કૃતિક વિરાસતમાં અનેક ભૂવિસ્તારો અને સ્થાપત્યો, કલા, વારસો, જંગલો, નદીઓ અને તેની વિવિધતાવાળી પ્રજાઓના ઇતિહાસ અને વારસો ગુજરાતમાં જોવા મળે છે. આ બધા વિસ્તારોમાં ગુજરાતની ઉત્તર દિશાએ આવેલ એક વખતનો ભવ્ય સ્થાપત્ય અને સાંસ્કૃતિક વારસો ધરાવતો આનર્ત પ્રદેશ કે જે આજે ઉત્તર ગુજરાત તરીકે ઓળખવામાં આવે છે. આ ઉત્તર ગુજરાતના પ્રદેશોમાં સાસ્કૃતિક વિવિધતા જોવા મળે છે.

આ વારસામાં પોતાની મેળે અનેક સાંસ્કૃતિક વિરાસતો ધરાવતા લોકસમુદાયો આ પ્રદેશને શોભાવે છે. જેમાં વિવિધ જ્ઞાતિઓ એક બીજી જ્ઞાતિથી જુદું પડતી હોય છે. તેમાં પોષાક, બોલી, રીત-રીવાજે એક જ્ઞાતિ આ પ્રદેશની વિશિષ્ટ ઓળખ બની છે તે જ્ઞાતિ એટલે ' રબારી '. આ જ્ઞાતિ પોતાના મેળા, ઉત્સવ, પહેરવેશ, રિવાજ, લોકસાહિત્યિક વારસો, વ્યવસાય, ભાષા અને બોલી, એમ અનેક રીતે સાંસ્કૃતિક વિરાસત ધરાવે છે. તેની પોતાની આગવી સંસ્કૃતિ છે. તેવી આગવી સંસ્કૃતિની ઓળખ મારા સંશોધન પેપરમાં ઉજાગર કરવાનો મેં પ્રયત્ન કર્યો છે.

રબારી સમાજ સંસ્કૃતિ એ ભાતીગળ સંસ્કૃતિ છે. જ્ઞાતિ સમૂહોને પોતાના આગવા રીત-રીવાજો અને જીવનધોરણો હોય છે. તેમનો મુળ વ્યવસાય પશુપાલન છે. તે દેશમાં જુદા જુદા નામથી ઓળખાય છે. રબારી જ્ઞાતિ એક વિશેષ અને આગવી ઓળખ ધરાવે છે. રબારી સંસ્કૃતિએ ભાતીગળ સંસ્કૃતિની

વિરાસતને પંરપરાથી આજદિન સુધી જાળવી રાખી છે.

**ગુજરાતની રબારી સંસ્કૃતિ :-**

રબારીનો અર્થ જોઇએ તો ભગવત ગો મંડળમાં જણાવ્યા પ્રમાણે ' પશુધનવાળો ગોવાળ, આહીર, રાયકો, ગોપ જેવી કોમ. ગાયો, બકરા, ઘેંટા વગેરે દુધાળા પશુ રાખનાર અને પાળનાર એક જાતિ. આ જાતિ આખા સૌરાષ્ટ્ર પ્રાંતમાં અને ગુજરાતના કેટલાક ભાગમાં છૂટી છવાયેલી વસેલી છે. મોટાભાગે તે બરડા અને ગીરના ડુંગરમાં વસેલો સમુદાય છે, કારણ કે વોકર રબારી કોમને આ પ્રાંતના મૂળ વતની ગણે છે. આ કોમ નીતિમાં કડક હોય છે. તે વડીલોની અમાન્યા અને મર્યાદા ખુબ જાળવે છે. તેમનું ગૃહજીવન એકંદરે સુખી હોય છે. પુરૂષ કરતાં સ્ત્રીઓ વધારે ચાલાક અને વ્યવહારૂ હોય છે. આ કોમ મજબુત અને કઠણ બાંધાની હોય છે. તેમજ ઇષ્ટદેવના સોંગદ પાળે છે.

ગુજરાતમાં રબારી સમુદાયના વિવિધ પરગણા જોવા મળે છે. રબારીઓને પરગણા પ્રમાણે ઓળખવામાં આવે છે. તેમાં ચોરાશી, બત્રીસા, આંબલીયારા, પંચ્યાશી, ઊંચી ખારી, નીચી ખારી, મોડાસિયા, ઉજેડિયા, માળકોંઠો, સતાવીશ, દશકોશી, હવેલી, નળકાંઠો, ભાલ, કનેર, ગોહિલવાડ, આંતરોલી, ઘોઘાબારુ, વાળાક, ઉંડ, બાબરિયાવાડ, ગીર, નાઘેર, ખાખરિયા, બાવીશી, દોતોર, દેહ, ચરોતર, ખંભાતબારૂં, બની, અબડાસા, કડી, ઢંઢાઇ, વાગડ, કચ્છ, ધાન્ધાર, પાટણવાડો, સાડસત, મેવાસ, કાનમ, થરાદરી, ડીસાવળ, બારગામ, રણની કાંધી, વઢિયાર, દઇ, દંઢાવ્ય, ચુંવાળ, જતવાડ, હિન્દવાણી, ઘેડ, બરડો, સોરઠ, ઓખો, કંઠાળ, હાલાર, ખારોપાટ, પાંચાળ, ઝાલાવાડ, મચ્છુકાંઠો, વાચ, પંથક, સાબરતેર વગેરે પરગણા જોવા મળે છે. જુદા જુદા પરગણા પ્રમાણે કેટલાક રીત-રિવાજોમાં તફાવત જોવા મળે છે. રબારી જ્ઞાતિમાં વિવિધ શાખોથી ઓળખવામાં આવે છે. રબારીઓની કુલ 133 શાખ છે. તેથી તેને વિહોતર નામથી સંબોધન કરવામાં આવે છે. વિહોતર એટલે 20+100+13=133 એટલે કે વીસ, સો અને તેર જેને વિહોતર તરીકે ઓળખવામાં આવે છે.

**ઉત્તર ગુજરાતનાં રબારી સમુદાયના લગ્ન સંબંધી રીત-રિવાજોમાં આવેલા પરિવર્તનો :-**

**સગપણ :-**

પહેલાના સમયમાં રબારી સમુદાયમાં વેવિશાળ બહું જ નાની ઉંમરે કરવામાં આવતું હતું. પહેલાના સમયમાં જન્મ પછી જેનુ જલ્દી સગપણ થાય તે ઘરનો સામાજિક મોભો ઊંચો ગણાતો હતો. સગપણની બાબતે દાદા-દાદી કે કોઇ કુટુંબમાં મોભેદાર વ્યક્તિ મોટેભાગે બાળકની સગાઇ કરતા હતા. નાની ઉંમરે સગપણ કરવાથી ઘણી વખત કજોડા પણ થતા હતા. સગપણ કરતી વખતે બાળકના માતા-પિતા, દાદા-દાદી કે કુટુંબની અથવા મામાના કુળની અટક એક જ ન હોય તેની ખાસ કાળજી રાખવામાં આવતી. એક સરખી અટક ( શાખ ) વાળા સગા સંબંધી થાય, તેથી તેમના ઘરમાં બાળકનું સગપણ થઇ શકતું ન હતું. સગપણ બાબતે આજના જમાનાના આધારે ઘણું પરિવર્તન આ સમુદાયમાં આવ્યું છે. અત્યારે સગપણ બાબતે છોકરા છોકરીને જાતે પસંદગીની છૂટ આપવામાં આવી છે. માતા-પિતા, દાદા-દાદીની પસંદગીનું પ્રમાણ ઓછું થયેલ જોવા મળે છે. તેમજ સગપણ નાની ઉંમરના બદલે અમુક અંશે 20 થી 25 વર્ષની ઉંમરે થવા લાગ્યા છે. રબારી સમુદાયના નવા બંધારણ પ્રમાણે સગાઇની વિધિ ઓછા માણસોની હાજરીમાં મર્યાદામાં જ ઘરે જ રાખવામાં આવે છે. સગાઇમાં સાદો રૂપીયો, 2 જોડ કપડા આપવામાં આવે છે. સગાઇ વખતે સોનાના દાગીનાની આપ-લે બંધ કરવામાં આવી છે અને પહેરામણી મર્યાદામાં જ કરવામાં આવે છે.

**ગણેશ સ્થાપન :-**

લગ્નનો પડો વધાવ્યા પછી વરના ઘરમાં ગણપતિની સ્થાપના કરવામાં આવે છે. કન્યાપક્ષે જ્યારે લગ્ન લખાય ત્યારથી અને વરપક્ષે લગ્ન વધાવે ત્યારથી ગણેશ બેસાડાય છે. બાજઠ ઉપર ઘંઉ પાથરી ગણપતિની મૂર્તિને ચાંદલો કરીને ઘીનો દીવો કરવામાં આવે છે. શ્રીફળ, સોપારી મુકવામાં આવે છે.

દરરોજ રાત્રે સ્ત્રીઓ ગણપતીના પાંચ ગીતો ગાય છે. જે તે ગણેશ ગાવા એમ બોલાય છે. ગીત ગાનાર સ્ત્રીઓને ગોળ આપવામાં આવે છે. લગ્ન લખ્યા પછી જાન પરણી પાછી ગયા બાદ ત્રણ ચાર સારા દિવસોમાં તેમજ વરપક્ષે જાન પરણીને આવે ત્યાર પછી સારો દિવસ જોઇ ગણેશને ઉઠાડવામાં આવે છે. ગણપતિને ઉઠાડતી વખતે ઘઉં, ગોળ અને ભૈડકુ બનાવીને કુટુંબમાં ઘરદીઠ વહેંચવામાં આવે છે. આને ગણેશ ઉઠાડ્યા કહે છે.

**લગ્ન લખવું. :-**

લગ્ન લખવાની વિધિ લગ્નના બે દિવસ પહેલા સારા વાર, તિથિ અને ચોઘડીયામાં કરવામાં આવે છે. તેમાં પાંચ લગ્ન પડીકા બનાવવામાં આવે છે. જેમાં એક પડીકુ સોપારીનું, બીજું શીંગોડાનું, ત્રીજું ખારેકનું, ચોથું સાકરનું બનાવી તેમાં કંકુ નાખી આ ચારેય પડીકા એક બીજુ નવું અને મોટું પાંચમું પડીકું લઇ કે જે કાચી કંકોતરીનું બનાવેલું હોય છે, તેમાં બાંધવામાં આવે છે. તે દિવસે કુટુંબીજનો તથા નજીકના સગા ભેગા થઇ સાથે જમે છે. ઉત્તર ગુજરાતના રબારીઓમાં લગ્ન લખ્યા પછી બ્રાહ્મણ મોકલાની પ્રથા છે. લગ્નમાં કુમકુમ, નરાશડી, ગોળ ભરેલી કાચલી, સોપારી, વરિયાળી, સાકર, સવા દસ રૂપીયા, મશરૂનું કપડું જેવી દરેક વસ્તુના અલગ-અલગ પડીકાં બાંધી આ તમામ પડીકાનું એક પડીકું કે જે લીલા કાપડનું હોય છે, તે પડીકાને વરપક્ષના ગામે બ્રાહ્મણ લઇને જાય છે.

લગ્ન લઇને જાય છે ત્યારે બ્રાહ્મણને ચા-પાણી, શરબત વગેરે કરાવવામાં આવે છે પછી બધા મહોલ્લાના માણસો એકઠાં થાય છે. વરની માતા અથવા બહેન લગ્નના પડીકાને પાંચ ચાંલ્લા કરીને વધાવે છે. વિધિ બાદ બ્રાહ્મણને સમય હોય તો જમાડે છે. કંસાર, ખીચડી, ઘી, ગોળ વગેરે પીરસાય છે. પછી બ્રાહ્મણને 501 અથવા 201 રૂપિયા આપીને વિદાય કરાય છે.

**લગ્ન વધાવવું. :-**

લગન આવી ગયા પછી વરપક્ષવાળા સારો વાર, તિથિ અને ચોઘડિયુ જોઇને લગ્ન વધાવવાનું નક્કી કરે છે. આ સમયે વરને નવા નવા કપડા અને દાગીના પહેરાવવામાં આવે છે. પ્રથમ પાંચ વ્યક્તિઓ લગ્નનો પડો એક સાથે હાથ અડાડીને બાજોઠ ઉપર મુકવા લાવે છે. લગ્નના પડાને વરની માતા સાથે પાંચ સ્ત્રીઓ કંકુના ચાંદલા કરીને વધાવે છે. ત્યારબાદ કુટુંબીજનો અને સગાસ્નેહીઓની વચ્ચે કાચી કંકોતરીનું વાંચન કરવામાં આવે છે. ત્યારબાદ વરને બાજઠ ઉપર બેસાડવામાં આવે છે. વરની માતા અને અન્ય સ્ત્રીઓ વરને કપાળમાં કંકુ તિલક કરે છે. લગ્ન વધાવતી વખતે ભેગા થયેલા લોકોને ગોળ વહેંચવામાં આવે છે. ત્યારબાદ બધા કુટુંબીજનો અને સગાસ્નેહીઓને ચા-પાણી કરાવી જમાડવામાં આવે છે.

**પોહલી ( પોસલી ) ભરાવવી. :-**

લગ્ન વધાવ્યા બાદ વરની માતા વરના હાથમાં ચોખા, શ્રીફળ, પોસલીની રકમ મુકી કપાળમાં ચાંદલો કરી પોસલી ભરે છે. જેને ઝાંપા પોસલી કહે છે. ત્યારબાદ અન્ય સ્ત્રીઓ પણ વારાફરથી પોસલી ભરવાની વિધિ કરે છે. પહેલાના સમયમાં પોસલી ભરાવવા માટે વરને ઘરે ઘરે ફરવું પડતું હતું. તે પ્રથા અત્યારે જોવા મળતી નથી.

**માણેકસ્તંભ રોપવો. :-**

વર અને કન્યાના લગ્નના આગળના દિવસે સાંજે તેમના ઘરના આંગણામાં માણેકસ્તંભ રોપવાની વિધિ કરવામાં આવે છે. તેમાં લીલા કપડાની અંદર ખારેક અને શીંગોડું બાંધી લાકડાના માણેક સ્તંભને વીંટવામાં આવે છે. તે માણેકસ્તંભ માટીની કુલડીમાં મૂકી તેમાં દહીં, ધરો અને રૂપિયો લઇ જમીનની અંદર રોપવામાં આવે છે. રબારી સમુદાયની સ્ત્રીઓ માણેકસ્તંભને કંકુ ચોખાથી વધાવીને ગાણાં ગાય છે. માણેક સ્તંભ રોપતી વખતે પાંચ કુંવારા છોકરાઓનો હાથ માણેકસ્તંભને અડાડીને તેને રોપવામાં આવે છે. માણેકસ્તંભ રોપતા પહેલા પાંચ કુંવારા છોકરાઓએ પકડેલી ખીજડીના ઝાડની ડાળીઓને રબારી સમુદાયની સ્ત્રીઓ વધાવે છે અને તે ડાળીઓને પણ માણેકસ્તંભ સાથે રોપવામાં આવે છે.

**તોરણ વધાવવું. :-**

વર અને કન્યાના લગ્નના આગળના દિવસે તેમના ઘરે સાંજે માણેકસ્તંભ રોપવાની વિધિ કર્યા પછી તોરણ વધાવવાની વિધિ કરવામાં આવે છે. તેમાં આસોપાલવના પાંદડામાંથી પાંચ તોરણ બનાવી લાવનારને ઘી, ગોળ અને ઘઉં આપવામાં આવે છે. ત્યારબાદ આ પાંચ તોરણો રબારી સમુદાયની સ્ત્રીઓ દ્વારા કંકુ, ચોખા અને ગાણાં ગાઇને વધાવવામાં આવે છે. તેમાંથી મોટું તોરણ મંડપના મુખ્ય દ્વાર પર લગાવવામાં આવે છે. આ તોરણની નીચે વર-વધૂને પોંખવાની વિધિ કરવામાં આવે છે.

**પીઠી ચોળવી :-**

રબારી સમુદાયમાં કન્યાપક્ષે લગ્નના દિવસે પરોઢમાં કન્યાની પોસલી ભરાવ્યા બાદ પીઠી ચોળવાની વિધિ કરવામાં આવે છે. કન્યાના સ્નાન કર્યા પછી તેના મામા તેડીને ઘરમાં બેસાડવાના સ્થાને લાવી અમુક રકમ આપે છે. વરપક્ષે જાન જવાની હોય તે દિવસે વહેલી પરોઢે પીઠી ચોળવાની વિધિ કરવામાં આવે છે. વર અને કન્યા બન્ને પક્ષે પીઠી ચોળવાની વિધિ સ્ત્રીઓ દ્વારા કરવામાં આવે છે. આ સમયે સ્ત્રીઓ ગીતો ગાતી હોય છે. વરને સ્નાન કરી રહ્યા પછી તેના મામા તેડીને ઘરમાં બેસવાના સ્થાને લાવે છે અને 51 રૂપિયાથી માંડીને ગમે તે રકમ આપે છે.

**પાંચબલું અને અંબોખો :-**

પીઠી ચોળ્યા બાદ વર તૈયાર થયા પછી પાંચબલાની વિધિ કરવામાં આવે છે, જેમાં કંસારમાં ઘી, ખાંડ નાખીને પાંચ કુવારા છોકરાઓ સાથે વર કંસાર જમે છે. વરની જાન જવા તૈયાર થાય ત્યારે એક સ્ત્રી માથે ઝારી ઉપાડે છે અને અન્ય સ્ત્રીઓ ફટાણા ગાય છે. ગામના ગોદરે વરરાજા દેવસ્થાને દર્શન કરે છે. ત્યારબાર રબારી સમુદાયની સ્ત્રી દ્વારા ઝારીમાં રહેલ પાણીથી વરના હાથમાં આસોપાલવનું પાંદડું આપી તેના હાથમાં પાંચ વખત પાણી આપી જમીન ઉપર રેડવામાં આવે છે. ત્યારબાદ સ્ત્રીઓ જમીન ઉપર પાણીની ગોળ ધાર કરી વરની નજર ઉતારે છે.

**વર ચડાવો કરવો :-**

રબારી સમુદાયમાં વર ચડાવવાનો રિવાજ વરઘોડાને મળતો આવે છે. પીઠી ચોળ્યા પછી વરને નવા કપડા અને દાગીના પહેરાવવામાં આવે છે. ત્યારબાદ વરને ઘોડી પર બેસાડીને ગામના બધા જ દેવસ્થાને પગે લગાડવા લઇ જવામાં આવે છે. વર ચડાવવાની વિધિ પૂર્ણ થતાં જાન કન્યાના ઘર તરફ જવા વિદાય થાય છે. આ પ્રસંગ ખૂબ ધૂમધામથી ઉજવવામાં આવે છે. ઢોલના તાલે સૌના ચહેરા પર આનંદ જણાય છે. રબારી સમુદાયની સ્ત્રીઓ લગ્નગીતો ગાય છે.

**જાન લઇ જવી :-**

પહેલાના સમયમાં વરપક્ષ તરફથી ખટારો, એસ.ટી. બસ કે લક્ઝરીબસો દ્વારા જાન લઇ જવામાં આવે છે. ધારા-ધોરણ ન હોવાથી 30 થી 50 સ્ત્રીઓ અને 50 થી 70 પુરૂષો એમ અંદાજે 100 થી 125 લોકો જાનમાં જતા પરંતું સમય સાથે બદલાવ કરતાં હવે જાનમાં 11, 31 કે 51 પુરૂષો અને 5 થી 7 છોકરીઓ લઇ જવામાં આવે છે. પહેલાના સમયમાં લગ્નમાં વરપક્ષ તરફથી સ્ત્રીઓને લઇ જવામાં પ્રતિબંધ કરવામાં આવ્યો હતો. આ એક સામાજિક પરિવર્તનનું સારું લક્ષણ કહી શકાય તેમ હતું, પરંતુ વર્તમાન સમયમાં તેમાં થોડી છૂટછાટ જોવા મળે છે.

**સમૂહલગ્ન :-**

રબારી સમુદાયમાં નક્કી કરેલા દિવસે સવારે જાન કન્યાના ઘરે આવવા માંડે છે. એક જ ગામની 10 કે 20 છોકરીઓ કે જે જુદા જુદા ઘરની હોય અથવા એક જ વ્યક્તિની 5 કન્યાઓ હોય ત્યાં સુધી બધી જ એક સાથે લગ્ન કરવામાં આવતી હોવાથી બધાના સાથે સમૂહ લગ્ન કરી શકાય. ગામમાં લગ્ન કરવા માટે આવતી જાનો માટે વેવાઇ જાનના ઉતારાની વ્યવસ્થા કરે છે. ત્યાં હજામ જાનની સારસંભાળ અને સેવા કરે છે. નક્કી કરેલા દિવસે બધી જ જાનો સવારે 10 વાગે આવી જાય છે. જાનો આવ્યા પછી ચા-પાણી કરાવવામાં આવે છે. ત્યાર પછી શિરામણી ( રબારી ભાષામાં નાસ્તો ), ખાંજા, ખાંડ, ખીચડી, શાક, દૂધ આપવામાં આવે છે. ત્યાર બાદ જાનોને વરઘોડીયાંને પરણાવવા માટે બોલાવવામાં આવે છે. આ સમગ્ર પ્રક્રિયાને સમૂહ લગ્ન કહે છે. પહેલાના સમયમાં એક જ ગામની દિકરીઓ માટે જે તે ગામમાં જ જાનો

તેડાવવામાં આવતી હતી પરંતુ વર્તમાન સમયમાં સમુદાય એક થઇને સમૂહલગ્નનું આયોજન કરે છે. જેમાં રબારી સમુદાયની અલગ અલગ ગામની જાનો એક જ જગ્યાએ તેડાવવામાં આવે અને સૌના સાથે સમૂહમાં લગ્ન થાય છે. આવા સમૂહલગ્નોથી સમુદાયના લોકોના બિનજરૂરી ખર્ચમાં ઘટાડો થયો છે અને સમૂહભાવનાનો વિકાસ થયો છે.

**વરને પૂંખવો અને તોરણે લાવવો :-**

જાન આવ્યા પછી તેમને શિરામણી કરાવ્યા બાદ જાન માંડવે એટલે કે કન્યાના ઘરના મુખ્ય ઝાંપા આગળ આવવા લાગે છે. કન્યાના ઘરના મુખ્ય ઝાંપા આગળ વરની સાસુ તોરણ નીચે ઉભેલા વરને કંકુ ચાદલા કરી ચોખાથી વધાવે છે. વરને તોરણ આગળ ઉભા રાખી વરનું પૂજન કરવામાં આવે છે. આ ક્રિયાને વર પૂંખવાની વિધિ કહેવામાં આવે છે. વરને પૂંખવાની વિધિ કર્યા બાદ વરને લગ્ન મંડપમાં લઇ જવામાં આવે છે. વરને પૂંખવા માટે વરની સાસુ માંડવેથી ધૂંસળી, સાંબેલું, રવાયો, ચોખા, કંકુ, દહીં વગેરે લઇને ગાતા ગાતા આવે છે. વરના સાસુ વરને પોંખે છે પછી તેના ઓવરણા લે છે. આ સમયે સાસુ વરનું નાક મચડે છે. ધૂંસળી, સાંબેલું, વગેરે વરની આગળ ફેરવીને તોરણે ચડાવવામાં આવે છે. જારના ડોકાના ચાર સૂળા ચાર દિશામાં ફેકવામાં આવે છે.

**લગ્ન વિધિ કરવી અથવા વરઘોડિયા પરણાવવા :-**

લગ્નની વિધિ કરવી એ રબારી સમુદાયમાં વરઘોડિયા પરણાવવાના નામથી ઓળખાય છે. આ વિધિ કન્યાના ઘર આગળ કરવામાં આવે છે. વેવાઇના માંડવે ચોરી બાંધેલી હોય છે. ચોરીની ચારે બાજુ સ્તંભ ઉભા કરેલ હોય છે. વચ્ચે બે બાજઠ મુકવામાં આવે છે તેના પર ગાદલા મુકીને ઉપર સફેદ નવુ કાપડ મુકીને સાથિયા પાડવામાં આવે છે. કન્યાને મામાના ઘરેથી લાવેલું પાનેતર પહેરાવવામાં આવે છે જે પહેરીને કન્યાના લગ્ન કરાવવામાં આવે છે. મંડપમાં વર બેઠા પછી કન્યાના મામા કન્યાને તેડીને ઘરમાંથી ચોરીમાં લાવે છે. ચોરીમાં આ વખતે અગ્નિ, પથ્થર અને ધીને ત્યાં રાખવામાં આવે છે. અગ્નિ બન્નેની વચ્ચે પ્રગટાવવામાં આવે છે. બ્રાહ્મણ મંત્રોચ્ચાર સાથે વર કન્યાનો હસ્ત મેળાપ કરાવે છે. ત્યાર પછી ચાર મંગળફેરા ફરાવે છે. ફેરા ફરતી વખતે વર અને કન્યાના પગ પથ્થરને અડકાવવામાં આવે છે. ફેરા ફર્યા બાદ વર અને કન્યામાંથી બાજઠ પર પહેલા કોણ બેસે તેની હરિફાઇ કરવામાં આવે છે. જે તે પક્ષના સગાસંબંધીઓ દ્વારા બે ફેરા પછી બાજઠ બદલી નાખવામાં આવે છે. છેડા બાંધીને ફેરા ફેરવવામાં આવે છે. આ સમયે બન્ને પક્ષે બહેનો જોરદાર ફટાણાં ગાય છે. ફેરા ફર્યા પછી વરની સાસુ તથા બીજી ચાર સ્ત્રીઓ વરકન્યાને જમાડવા માટે ઘરમાંથી થાળી લાવી ખાજા, ખાંડ પીરસે છે. બીજી થાળીમાં હાથ ધોવડાવે છે. લગ્નની વિધિ બાદ ગણેશ બેસાડેલા હોય ત્યાં પગે લગાડવામાં આવે છે. ત્યાર બાદ કુળદેવી માતાજી તથા અન્ય માતાજીઓના મંદિરે પગે લગાડીને વિધિવત રીતે પાંચ, દશ, પંદર રૂપીયા એમ માતાને નામે અપાય છે. કુળદેવી આગળ સવા રૂપિયો મુકીને છેડા છોડવામાં આવે છે. છેડા છોડાવ્યા બાદ 1 કે 2 વાગે જાનને જમવા બોલાવવામાં આવે છે. પહેલા ભાઇઓ જમે છે, ત્યારબાદ બહેનોને જમાડવામાં આવે છે. જમવામાં ફરજીયાત એવા ખાંજા, ખાંડ, દાળ-ભાત, શાક, ફરસાણ, પુરી, મોહનથાળ તેમજ અન્ય મિઠાઇઓ હોય છે. જમતી વખતે બન્ને પક્ષની સ્ત્રીઓ ફટાણાં ગાય છે. વર જ્યારે સસરાના ઘરે જમવા આવે છે, ત્યારે છોકરીઓ વરના જોડા સંતાડે છે. જમ્યા પછી અમુક રૂપિયા લઇ જોડા પરત આપે છે.

**મામેરા ભરવા :-**

રબારી સમુદાયમાં મામેરા બે પ્રકારના હોય છે. એક મોસાળું અને બીજુ મામેરૂં. મોસાળું એટલે ભાણિયાના લગ્નમાં મામા મોસાળ તરફથી કપડા અને યથાશક્તિ રોકડા રૂપિયા લાવે તે. જે સવારે જાન જવાની હોય તેના આગળના દિવસે પ્રથમ આવેલ મોસાળ પક્ષના પાંચ માણસો ભેગા મળીને રોકડ રકમ અને વસ્તુઓ આપે છે. આમ છતાં આર્થિક સ્થિતિ પ્રમાણે મામા પરણનાર ભાણેજના કપડા લાવે તો પણ ચાલી શકે. મામેરૂં એટલે મામા મોસાળમાંથી પોતાના ભાણી-ભાણેજના કપડા, બેન-બનેવીના કપડા, વાસણો તેમજ રૂપિયા લાવે છે. મોસાળા અને

મામેરામાં આર્થિક સ્થિતિ પ્રમાણે મામા રૂપિયા અને વસ્તુઓ આપે છે. આર્થિક સ્થિતિ ખરાબ હોય તો એકલા ભાણી માટે કપડા લાવે તો પણ ચાલે છે. જેને પાનેતર કહે છે, પણ તેમાં સામાજિક મોભો ઉતરતો ગણાય છે. મામેરાં ભરતા પહેલા હજામ જાનપક્ષ અને ગામના માણસોને બોલાવે છે. સૌ પાથરેલા આસન પર બેસે છે. બધાની વચ્ચે મામેરાંમાં લાવેલ પુરત અને પાનેતર તેમજ રોકડ રકમ મુકવામાં આવે છે. ચાર પાંચ તાસ થોડા ચોખા સાથે મંગાવવામાં આવે છે. તાસમાં રૂપિયા મુકી ઉપર ચોખા નાખી મામેરાને વધાવવામાં આવે છે. કુટુંબની પાંચ સ્ત્રીઓ મામેરૂં વધાવી જાય છે. આ વિધિને મામેરૂં કહે છે. રોકડ રકમ કન્યાના પિતા પાસે રહે છે, જ્યારે પુરત અને કપડા કન્યાને સાથે આપી દેવાય છે.

**જાન પાટે ઉઠાડવી :-**

લગ્નની તમામ વિધિ પૂર્ણ થયા બાદ સાંજે પાંચ વાગે જાનને માંડવે બોલાવવામાં આવે છે. વરને મંડપમાં બાજઠ પર બેસાડવામાં આવે છે. ત્યાર પછી પુરત હોય તે વરપક્ષને આપી દેવામાં આવે છે. પછી એક તાસ કે થાળીમાં ગુલાલ લાવીને પહેલા વરની પાઘડી પર થોડો નાખી પછી બધાને ગુલાલ છાંટવામાં આવે છે. ત્યારબાદ વરના સસરા દ્વારા વરને સોનાનો દાગીનો આપવામાં આવે છે અને તેના કુટુંબીજનોને પહેરામણીની શીખ કરવામાં આવે છે.

**ઉજણું પોખવું :-**

જાન રાતે ઘરે પરત આવે એટલા ગામના ઝાંપે ઉતરે ત્યાં વરકન્યાને સજોડે બેસાડવામાં આવે છે. સ્ત્રીઓ તથા પુરૂષો ઘેર જઇને વાજતે ગાજતે વધાવવા માટે આવે છે. ત્યારબાદ મુખ્ય દ્વાર પર બાંધેલા આસોપાલવના તોરણની નીચે ઉંજણું પૂખવાની વિધિ કરવામાં આવે છે. કન્યા અને વરને છેડા બાંધીને કુળદેવીના દર્શન કર્યા પછી છેડા છોડવામાં આવે છે. ગામના રિવાજ પ્રમાણે બન્ને વીંટીએ રમે છે. ત્યારબાદ જે તે માતાના ટકા અને નાળિયેર વગેરે કરી દેવામાં આવે છે. આ વિધિને ઉજણું કહે છે.

**લગ્ન વ્યવસ્થામાં આવેલ પરિવર્તન :-**

રબારી સમુદાયે કરારની ભૂમિકામાં લગ્નની અનિવાર્યતા સ્વીકારેલી છે. પહેલાના સમયમાં જીવનસાથીની પસંદગીના બાબતમાં પરંપરાગત સમાજમાં આર્થિક બાબત અને સામાજિક મોભાને મહત્વ આપવામાં આવતું. વર્તમાન સમયમાં શિક્ષણને મહત્વ આપવાનું નવુ વલણ મોટાભાગના લોકોમાં જોવા મળ્યું છે. પહેલાના સમયમાં લગ્નપડો લઇને રબારીઓ પોતે વેવાઇને ત્યાં જતા. પરંતું હવેથી બ્રાહ્મણને મોકલવામાં આવે છે. પહેલાના સમયમાં જાન 10 થી 15 દિવસ સુધી રોકાતી હતી જ્યારે વર્તમાન સમયમાં જાન સવારે આવે છે અને સાંજે તેની વિદાય થાય છે. વર્તમાન સમયમાં લગ્નપ્રસંગમાં મોટા ખર્ચા વધતા હોય તેવું જણાય છે માટે ઉત્તર ગુજરાતના રબારી સમુદાય અને રબારી સમાજ સામાજિક રીત-રિવાજ સુધારણા પરિષદ પાટણ અને અમદાવાદ દ્વારા 07/08/2022 ને રવિવારના રોજ નવું બંધારણ અમલમાં મુકવામાં આવ્યું છે. જેમાં રબારી સમુદાયના નવા બંધારણ પ્રમાણે સગાઇની વિધિ ઓછા માણસોની હાજરીમાં મર્યાદામાં જ ઘરે જ રાખવામાં આવે છે. સગાઇમાં સાદો રૂપીયો, 2 જોડ કપડા આપવામાં આવે છે. સગાઇ વખતે સોનાના દાગીનાની આપ-લે બંધ કરવામાં આવી છે અને પહેરામણી મર્યાદામાં જ કરવામાં આવે છે.

**ઉપસંહાર :-**

રબારી સમુદાયમાં દરેક ક્ષેત્રમાં પરિવર્તન આવતું જાય છે. સામાજિક રીત-રિવાજોમાં પણ પરિવર્તન આવ્યું છે. રબારી સમુદાયમાં સગપણ, લગ્નવિધિઓ, જીવનસાથીની પસંદગીના સ્વરૂપમાં પણ સમયાંતરે પરિવર્તન આવેલ છે. કજોડા, પુન:લગ્ન, આણાની વિધિ વગેરે બાબતોમાં પણ પરિવર્તન આવેલ છે. આધુનિક સમયમાં રબારી સમુદાયના લગ્ન સંબંધી રિવાજોમાં પણ સકારત્મક દિશામાં પરિવર્તન આવેલ છે. આમ છતાં તેણે પોતાની વંશપરંપરાગત બાબતો અને સાસ્કૃતિક વારસાને જાળવી રાખ્યાં છે અને સમુદાયની જેમ આ સમુદાય પણ નવરચનાં તરફ જઇ રહ્યો છે.

પાદટીપ :-


1. માલધારી મનુ, રબારી સમાજની અસ્મિતા, પ્રકા. વિશાલ દેસાઇ, પાલનપુર, પ્ર.આ. 2008.
2. સેદાણી ડો. હસુતાબેન, ‘ ગુજરાતની લોકસંસ્કૃતિ’, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, પ્ર.આ. 2001.
3. મલકાણ જ.મ., અને પરિખ સી.ડી., રબારી ભરવાડ વિકાસના પંથે, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, 1998
4. જયદીપભાઇ ચરણભાઇ દેસાઇ, કરમસદ, રૂબરૂ મુલાકાત, 12/04/2022
5. લાલજીભાઇ જેશંગભાઇ રબારી, દાંતકરોડી, રૂબરૂ મુલાકાત, 15/05/2022
6. લક્ષ્મીબેન કરમશીભાઇ રબારી, સેવાળા, રૂબરૂ મુલાકાત, 21/05/2022
7. મહેશભાઇ અમરતભાઇ રબારી, વાસણા, રૂબરૂ મુલાકાત, 21/05/2022
8. મુકેશભાઇ અરજણભાઇ રબારી, સેવાળા, રૂબરૂ મુલાકાત, 21/05/2022
9. રાજેશભાઇ મોતીભાઇ રબારી, ચંદ્રાવતી, રૂબરૂ મુલાકાત, 10/06/2022
10. વિક્રમભાઇ અમથાભાઇ રબારી, દેલવાડા, રૂબરૂ મુલાકાત, 19/06/2022
11. લાભુભાઇ જીવણભાઇ રબારી, બાલીસણા, રૂબરૂ મુલાકાત, 20/06/2022
12. નારણભાઇ અરજણભાઇ રબારી, બાલીસણા, રૂબરૂ મુલાકાત, 20/06/2022
13. ભરતભાઇ મફાભાઇ રબારી, પલાસર, રૂબરૂ મુલાકાત, 11/07/2022
14. મહેશભાઇ અમરતભાઇ રબારી, ગોવના, રૂબરૂ મુલાકાત, 11/07/2022
15. કરમશીભાઇ જેશંગભાઇ રબારી, સેવાળા, રૂબરૂ મુલાકાત, 17/07/2022
16. ધરમશીભાઇ જેશંગભાઇ રબારી, સેવાળા, રૂબરૂ મુલાકાત, 02/08/2022
17. સાગરભાઇ અભાભાઇ રબારી, મુદેડા, રૂબરૂ મુલાકાત, 14/08/2022